અપીલ અરજી નં.૩૩૨ તા.૯–૨–૦૯

અરજદારઃ શ્રી માધુભાઈ આનંદરામ બ્રિજાની
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી માધુભાઈ આનંદરામ બ્રિજાની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી તા.૧૧–૧૧–૦૮ ના રોજ ગુલામભાઈએ કરેલ ગેરકાયદેસર દબાણ તથા બાંધકામ બાબતે આપેલ અરજી તેમજ ગુમાસ્તાધારા ભંગ કરી ૨૪ કલાક દુકાન ચાલુ રાખવા બાબતની અરજી સબંધે આજ દિન સુધી શું કાર્યવાહી થઈ તેની વિગતો દર્શાવતા તમામ પેપરો વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૨/૨૦૦૮–૦૯

શ્રી માધુભાઈ આનંદરામ બ્રિજાની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી તા.૧૧–૧૧–૦૮ ના રોજ ગુલામભાઈએ કરેલ ગેરકાયદેસર દબાણ તથા બાંધકામ બાબતે આપેલ અરજી તેમજ ગુમાસ્તાધારા ભંગ કરી ૨૪ કલાક દુકાન ચાલુ રાખવા બાબતની અરજી સબંધે આજ દિન સુધી શું કાર્યવાહી થઈ તેની વિગતો દર્શાવતા તમામ પેપરો વિગેરેની માહિતી આપવા બાબતે પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૩ તા.૧૯–૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકાર (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/૧૪૫૭ તા.૨૪–૨–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની મુળ અરજીમાં તા.૧૧–૧૧–૦૮ ના રોજ ગુલામભાઈએ કરેલ ગેરકાયદેસર દબાણ તથા બાંધકામ બાબતે આપેલ અરજી તેમજ ગુમાસ્તાધારા ભંગ કરી ૨૪ કલાક દુકાન ચાલુ રાખવા બાબતની અરજી સબંધે આજ દિન સુધી શું કાર્યવાહી થઈ તેની વિગતો દર્શાવતા તમામ પેપરો વિગેરેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૯–૧–૦૯ ના પત્રથી ગેરકાયદે બાંધકામ તથા ગુમાસ્તાધારા ભંગ અંગે હાથ ધરેલ કાર્યવાહીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ તે દર્શાવતા પેપરોની નકલ આપવામાં આવેલ જણાતું નથી ને તેના ઈન્કાર માટે કારણો જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી સબંધિત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ તે અંગેના પેપરોની નકલ પૂરી પાડેલ જણાતી ન હોય સબંધિત ફાઈલે ઉપલબ્ધ કાગળોની નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી માધુભાઈ આનંદરામ બ્રિજાની